(સંગીત)

ગુજરાતી નાટક મંડળી.

ગોપીચંદ

નાં

ગાયનો.

મુંબઈ,

દફતર આશકારા છાપખાનામાં છાપ્યું છે.
ઠે૦:- કાવસજી પટેલ સ્ટ્રીટ, નં૦ ૮૭.

૧૮૮૩.

કીંમત આના બે.

ગોપીચંદનાં ગાયનનો પ્લૉટ.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

આ દુનિયાની લાલચ શું સ્વર્ગના દેવતાઓ કે શું પૃથ્વિના મનુષ્યો—એ સર્વેની ઉપર સરખી રીતે અસર કરેછે, તે ઉપરથી કૈલાસ નગરીએ મહાત્મા શંકરના ધામમાં મચ્છેંદ્ર નાથ નામના એક મહા જોગી ભૃંગી અને શંકર પાર્વતિ વચ્ચે વિનોદ વાર્તા થાયછે, અને તેમાં એવા નિશ્ચયપર અવાયછે કે મહા તપનાં પુન્યે કરીને સદા સુખ આનંદમાં લીન થયેલા દેવતાઓ સહિત ઈંદ્રને પણ કોઇ કોઇવાર પોતાનું સુખ નષ્ટ થવાનો ભય રહેછે અને રખેને કોઇ પોતાથી વધારે તપ કરી પોતા પાસેથી સ્વર્ગનું સુખ છીનવી લે તે અટકાવવા માટે ઈંદ્ર જેવો તપ અને પુન્યની ટોચે ચઢેલો જીવ પણ ઈર્ષાનો માર્યો પોતાનો સ્વાર્થ સાધવાને ચુકતો નથી

પ્રવેશ ૨ જો અને ૩ જો.

જાલંદર નામનો એક મહા યોગી પોતાના તપના બળે પોતાના માથાંપરની લાકડાંની ભારી અધર રાખીને રાજા ગોપીચંદના મેહેલ આગળથી પસાર થાયછે. એક દાસીએ રાજ માતા મૈનાવતિનું આ અદભુત ચમત્કાર તરફ ધ્યાન ખેંચવાથી તે તેને આ જોગીની ભાળ કાઢવા મોકલેછે.

પ્રવેશ ૪ થો.

જાલંદરની પાછળ પાછળ પેટ અર્થે ફર્યા કરતો એક રંગીલો જોગી તથા રાજમાતાની દાસીનો માર્ગમાં મેળાપ થાયછે. દાસી યોગી વિષે પુછપરછ કરેછે, પણ જોગટાભાઇ પ્હેલાં તો દાસીની ટોલ ટપ્પા કરવા મંડી જાયછે; અને છેવટે યોગીના ઉતારાની ખબર આપેછે.

પ્રવેશ ૫ મો.

યોગીના ઉતારાની ખબર જાણી રાજમાતા આવા મહાત્માનાં દર્શન લેવા જવાની ઇચ્છા કરી તૈયારી કરેછે.

પ્રવેશ ૬ ઠો.

કૈલાસથી પાછા ફરેલા મચ્છેંદ્રનાથ તથા યોગી જાલંદરના શિષ્ય કાનિફ વચ્ચે એક વનમાં ભેટા થાયછે. વાત નીકળતાં મચ્છેંદ્રનાથ પોતે દુનિયાની લાલચોથી અજીત છે એવો ગર્વ કરેછે. આ ઉપરથી તકરાર થતાં કાનિફ મચ્છેંદ્રનાથને જવાબ આપેછે કે સ્ત્રિ મોહિની જગતમાં એવી છે કે તેને કોઇ જીતી શકે નહીં, તેમાં પણ કામરૂ દેશની સ્ત્રિઓની વશીકરણ વિદ્યાને જે વશ થાય નહીં તેજ ખરો જોગી છે, અને વળી વધુ કહેછે કે જો તે દેશની સ્ત્રિઓની મોહનીને મચ્છેંદ્રનાથ જીતીને આવે, તો તે તેના શિષ્ય થઇ રહેવાને તૈયારછે. આ ઉપરથી મચ્છેંદ્રનાથ કામરૂ દેશ જવાની હામ ભીડેછે.

પ્રવેશ ૭ મો.

વિદુષક રૂપે રંગીલો જોગી જાુઠા જોગીઓના ઢોંગ સોંગના આલાપ કરેછે અને જોગી થવાનાં દુખ સુખનું વર્ણન કરેછે.

પ્રવેશ ૮ મો.

ગુરૂ જાલંદરને ઉતારે રાજમાતા મૈનાવતિ દર્શને આવેછે અને માયા તથા યોગ વિષે વાત થવા પછી મોટા આગ્રહથી તે જાલંદરની શિષ્યા બનેછે. વચમાં રંગીલો જોગી દાસીને પોતાની શિષ્યા બનાવવાની વ્યર્થ મહેનત કરેછે.

પ્રવેશ ૯ મો.

ગોપીચંદ રાજાનો કુંદન સેન નામે બનેવી શિકારની ધુનમાં કામરૂ દેશની સરહદમાં આવી પડેછે. ત્યાં સારિકા નામની કામરૂ દેશની રાણીની કંચનીનો તેને ભેટો થાયછે. પોતાના પ્યારના ફંદામાં તેને ફસાવવાને કંચની અનેક ઉપાયો કરેછે પણ તેમાં નિષ્ફળ થવાથી છેવટે પરોણાગત કરવાને બહાને તેને પોતાને ઘેર લઇ જાયછે.

પ્રવેશ ૧૦ મો.

વસંત પંચમીના તહેવારની ખુશાલીમાં ગોપીચંદ રાજાનો દરબાર ભરાયછે પછી પોતાની માતાની નીતિ સંબંધી લોકનિંદા વિષે ખબર કાઢવા મોકલેલો એક ભેદુ એકાએક દરબારમાં દાખલ થાયછે અને રાજાના કાનમાં કંઇ કહેવાથી તે એકાએક દરબાર બંધ કરાવેછે.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

મચ્છેંદ્રનાથ કામરૂ દેશ મધ્યે ત્રિયારાજ્યની રાણી કાયકળાના બાગની નજદીકનાં એક ઉપવનમાં આવી ચઢેછે જ્યાં બાગની માળણ સાથે તેનો ભેટો થાયછે માળણ તેની આગળ પોતાની રાણીનાં વખાણ કરેછે પણ યોગીને દૃઢ મનનો જોઇ તે થોડી

ખસી જાયછે એટલાંમાં રાણી કાયકળા પોતાની સાહેલીઓ સાથે આવી પોહોંચેછે જેને બાળણ યોગીને બતાવી તેનાં રૂપરંગનાં વખાણ કરેછે. રાણી અને યોગી વચ્ચે વિષય અને યોગ વિષે વાદવિવાદ થાયછે જેમાં છેવટે મચ્છેંદ્ર માયાની જાળમાં સપડાઇ પડેછે.

પ્રવેશ ૨ જો.

ખોટી નિંદાથી ભરમાયેલો ગોપીચંદ ભરમમાં ગુરૂ જાલંદર તરફ ધિઃકાર બતાવેછે. યોગીનું કોઇ પણ રીતે કાટલું કાઢવાનો તેણે ઠરાવ કરેલો હોવાથી જોગીને કોઇ પણ બ્હાને મ્હેલમાં લઇ આવવાને મોકલેલો ભેદુ આવી તેને લઇ આવવાની ખબર આપેછે. પોતાના હાથે કંઇ પાપ થાય માટે રાજા દલગીર થાયછે અને પોતાની માતા માટે વિલાપ કરેછે.

પ્રવેશ ૩ જો.

મચ્છેન્દ્રનાથનો શિષ્ય ગોરક્ષનાથ પોતાના ગુરૂની શોધમાં ગોપીચંદની રાજધાનીમાં આવી પ્હોંચ્યોછે ત્યાં જાલંદર પાછળ ફરતા રંગીલા જોગીને મોંઢેથી જાલંદરને ગોપીચંદે એક કુવામાં પુરી નાખવાની વાત તે અચાનક સાંભળી લેછે.

પ્રવેશ ૪ થો.

ગોપીચંદના અંતઃપુરમાં વસંત પંચમીની ખુશાલીમાં એક તરફ રાગરંગ થઇ રહ્યોછે ત્યારે બીજી તરફ આ ખુશાલી જોઇ મૈનાવતિ માનવ દેહની વગર ભરોસાની હાલતપર શોચ કરેછે.

પ્રવેશ ૫ મો અને ૬ ઠો.

જાલંદરનો ચેલો કાનિફ અને મચ્છેંદ્રનો ચેલો ગોરક્ષ પોત-પોતાના સંગીઓ સાથ ગોપીચંદની રાજધાની સુંદર નગરના

એક માર્ગપર આવી મળેછે. પોતપોતાના પંથના શ્રેષ્ઠપણા વિષે વાદવિવાદ કરતાં તેઓ અથડી પડવાથી એક બીજાના ગુરૂની દુર્દશા વિષેની એક બીજાને ખબર કરેછે.

પ્રવેશ ૭ મો.

ગોપીચંદ પોતાની માતાને તેના અંતઃપુરમાં મળેછે. વાતચીત થતાં આ દુનિયાની મોહ માયાની જાળમાંથી તેણીનું મન મુક્ત થયેલું જોઇ પોતે મોટા વિચારમાં પડી જાયછે અને આવી રાંની માતા લોકનિંદા પ્રમાણેનું કૃત્ય કદી ન કરે એવી તેની ખાતરી થાયછે. તે તેની આગળ પોતાનો પશ્ચાતાપ જાહેર કરેછે એટલામાં કાનિફ ગોપીચંદપર ધિઃકાર વરસાવતો ત્યાં આવી ચઢેછે. પોતાનાજ પુત્રને હાથે પોતાના ગુરૂની થયેલી દુર્દશાથી મૈનાવતિ આકુળ વ્યાકુળ બની જાયછે અને માતા તથા પુત્ર બન્ને કાનિફની બહુ વિનતિ કરેછે. આ પાપી કામ ગોપીચંદે ભુલમાં ભોળવાઇને કર્યું એમ ખાતરી થવાથી કાનિફ ગોપીચંદને અંતે બચાવી લેવાની કબુલાત આપેછે.

પ્રવેશ ૮ મો.

જે કુવામાં જાળંદર યોગીને નાખવામાં આવ્યાછે, ત્યાં ગોપીચંદ વગેરે સર્વ સાથ આવેછે અને ગોપીચંદ ક્ષમા માગતો યોગીની વિનતિ કરેછે. કોપેલો યોગી તેને શાપ દેછે પણ કાનિફની સલાહ પ્રમાણે ત્રણ પુતળાં પોતાની પાસે રાખેલાં હોવાથી તે શાપ પુતળાંઓપર ઉતરેછે અને છેવટે ગોપીચંદ બચી જઇ યોગીની માફી મેળવેછે અને તેજ ઠેકાણે તેની પોતાની મરજી તથા પોતાની માતાના આગ્રહથી ગોપીચંદને જાળંદર જોગ આપેછે.

પ્રવેશ ૯ મો.

રંગીલો જોગી જાલંદરનો સંગ છોડી ગોપીચંદનો સાથ સાધેછે.

પ્રવેશ ૧૦ મો.

ગોપીચંદ યોગી વેશે પોતાના મ્હેલમાં રાણીઓ પાસે ભિક્ષા લેવા આવેછે. આ જોઇ રાણીઓ આશ્ચર્ય પામી પતિના થનારા વિયોગથી શોક કરેછે જેની અસર ગોપીચંદપર થવા માંડયાથી તે તેમને તરછોડી ચાલતો થાયછે.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો, ૨ જો, ૩ જો, ૪ થો, અને ૫ મો.

ગોપીચંદ જોગી વેશે રંગીલા જોગી સાથે ફરતો ફરતો કામરૂ દેશની સરહદપર આવી પોંહોંચેછે ત્યાં તેને પોતાના ગુરૂ મચ્છેંદ્રનાથની શોધમાં નીકળેલા ગોરક્ષનાથનો ભેટો થાયછે. એટલામાં કામરૂ દેશની રાણી કાયકળાને ત્યાં વર્ષો વર્ષ નાટક કરી દેખાડનારા કેટલાક ખેલાડીઓ આવેછે અને પોતાનો નાયક માંદો પડવાથી રાણીને ત્યાં આ વર્ષે નાટક નહી થાય એવી ધાસ્તી દેખાડેછે. ગોરક્ષનાથ, કે જેને કાયકળાને ત્યાંથી કોઇ સુરતે પોતાના ગુરૂને છોડવવા માટે તેના મ્હેલમાં દાખલ થવાનું બ્હાનું જોઇતું હતું તે આ તકનો લાભ લઇ ત્યાં જાયછે અને ઈંદ્રાસન બીજાને હાથ જાય નહીં તે અદેખાઇથી ઈંદ્ર, પોતાથી વધારે તપ કરનારાઓનો હમેશાં નાશ કરાવેછે તે તથા, મચ્છેંદ્ર પોતે માયામાં કદી ફસતો નથી એવો શંકરની દરબારમાં તેણે ગર્વ કરેલો—એ બન્ને વાતને લગતો એક નાટક ભજવેછે જે

જોઇને મચ્છેંદ્રને પોતાની આગળી સ્થિતિનું ભાન થાયછે અને આખરે પોતે સ્ત્રિના ફંદામાં ફસ્યો તેથી પછડાઇ પડેછે. ગોરક્ષનાથ તેના શિષ્ય તરીકે જાહેર થઇ ગુરૂને કામરૂ દેશમાંથી છોડવી લઇ જાયછે.

પ્રવેશ ૬ ઠો.

કામરૂ દેશની રાણીની કંચની સારિકાના હાથપર ફસેલા ગોપીચંદના બનેવી રાજા કુંદનસેનને મચ્છેંદ્રનાથ પોતા સાથ છોડવી લાવ્યાછે તેનાથી છુટા પડી ગુરૂ હિયાલય ભણી તપ કરવા જાયછે અને ગોપીચંદ ગુરૂ આગ્નાથી પોતાની બ્હેનને મળવા કુંદનસેન સાથ તેની નગરી ભણી જાયછે.

પ્રવેશ ૭ મો.

ગોપીચંદ પોતાની બ્હેન ચંપાવતિ સાથે મળેછે તેઓ વચ્ચે જોગને લગતો વાદવિવાદ થાયછે અને તકરારમાં હારી જવાથી ગોપીચંદ જો ગુરૂ આગ્ના આપે તો કોઇ ભવિષ્ય કાળમાં ફરીથી રાજયપદ લેવાનું મન દેખાડેછે.

પ્રવેશ ૮ મો.

ગોપીચંદની માતા મૈનાવતિ, જે મ્હેલ છોડી પાસેનાં ઉપવનમાં રેહેલી તે પોતાના પુત્રના વિયોગમાં મરણ પથારિએ પડીછે અને પોતે આગળ રહી પુત્રને જોગ અપાવ્યા છતાં તેનું મોહું જોવાને બહુ તલસી રહીછે એવામાં ગોપીચંદ ત્યાં આવી લાગેછે જેનું મુખ જોવાથી સંતોષ પામી તે દેહ ત્યાગ કરેછે.

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

ગુરૂ જાલંદરને ગોપીચંદનો પ્રધાન ગોપીચંદને પાછો રાજ-યાસને બેસાડવાને વિનવેછે. ગુરૂ, ગોપીચંદને તે વિષે સમજાવી તેની પાસેં એ વાત કબુલ કરાવેછે.

પ્રવેશ ૨ જો.

ગોપીચંદને ફરીથી રાજ્યાભિષેક કરવાની ક્રિયા થાયછે.

ગોપીચંદનાં ગાયનો.

૧.

છે પ્રગટ તું પ્રેમાંશે[1] આસપાસ, સકલ[2] જગતમાં વધારી.
પુન્ય સાધન પ્રેમ જીવન દે—છે પ્રગટ.
ઉલ્લાસે[3] હું પડું પાય, તુંમાં એક ચિત્ત જાય,
મારો જો હાથ સાય, સદા થાય તો જય—છે પ્રગટ.

૨. (નર્મ કવિતા).

રટ[4] તું શ્રી હરિ રસના,[5] રસાણુ એ જો ન રટે
ભસના[6] તુજ નામ ખરૂં—રટ તું.
ધરી આ નર તનુ[7] ભકતી રસ જો ન પીધો જીવ્યું વૃથા—રટ તું.
સાચો તે અનૂપમ[8] મિષ્ટ[9] લહેરી બીજા જૂઠા કટુ[10] ઝેરી—રટ તું.

૩.

કૈલાસનાથ દ્વય[11] જોડિ હાથ મળિ[12] ભક્ત સાથ વારં વાર
ક્ષણ[13] ભંગિ દેહ ધરૂં સ્નેહ લેહ[14] વંદૂ[15] વિલોકિ[16] વિશ્વાધાર[17].
શિવ સત્ય નામ વદું જ્ઞાન ધામ કરૂણાનિધાન[18] વિમલા[19] કાર
કરૂં સત્ય સેવ નમું ઇષ્ટ દેવ હર પાપ તાપ તારણહાર.
હૈ ભંગ રંગ લિપિ ભસ્મ અંગ વસિ ગંગ[20] ગૌરિ[20] સંગે સાર[21]
અરિ કંઠ માલ નાગેંદ્ર[22] કાળ[22] દીસે કરાળ[23] વિષની ધાર.

---

૧ પ્રીતી રૂપે વેંહેંચાયલો. ૨ આખું. ૩ ઊમંગથી. ૪ ભજ. ૫ જીભ. ૬ ભસવાવાળી કુતરી. ૭ માનવ દેહ. ૮ જેની જોડી નહી. ૯ મીઠી. ૧૦ કડવા. ૧૧ બે. ૧૨ મળીને. ૧૩ પળમાં નાશ થાય એવી. ૧૪ એક ધ્યાન. ૧૫ નમું. ૧૬ જોઇને. ૧૭ જગતનો આધાર. ૧૮ દયાનો ભંડાર. ૧૯ નિર્મળ આકારવાળો. ૨૦ ગંગા અને પાર્વતી શંકરની સ્ત્રિઓ. ૨૧ પદાર્થમાત્રનું તત્વ. ૨૨ મોત લાવનાર મોટા નાગ. ૨૩ ભયંકર.

હે જગતપાલ પ્રભુ શરણુ આલ છે મોહ જાલ સંકટ દ્વાર
શંકર[1] શિવાય[1] હર[1] સાંબસાય[1] બ્રમ્[1] શંભુ[1] શંભુ[1] સુખદા ધારં.

૪.

રંગ રસ ગમતા રમતા જમતા રાજ કુળામાં જશ રળિયા.
અગણિત એવા ભૂપ[2] ભલા તે રાજ મેહેલ તજી વન પળિયા.
મોક્ષ[3] જ્ઞાનનું ભાન થયાથી રૂષિ મુનિ સાથે જઈ મળિયા.
જલપરપોટો જાઠ જગત આ વૈભવ ભવના સઉ કળિયા[4].
ટેક ટકાવી તે વિરલાઓ ચલિતજ[5] સુખથી નહિં ચળિયા[6].

૫.

ધર્મની નૌકા જેવું સારૂં બીજું સ્થાન નહીં.
વાયુ નહીં મોજા નહી મેધનું તોફાન નહીં—ધર્મની.
વિશ્વના સમુદ્રમાં હું ધૈર્યથી દિન રાત ફરૂં.
રાગ[7] નહીં દ્વેષ નહીં બીતીનું[8] જ્યાં ભાન નહીં—ધર્મની.
યોગની છે પાંખ જ્યાં ત્યાં કામનાથી કેમ ડરૂં.
પાશ[9] નહીં આશા નહીં મોહ નહીં માન નહીં—ધર્મની.

૬.

એમાં જય મેળવતાં યોગી જન પણ અપાર ભય પામે.
જાલ મોહની બાંધી ફસી જાયછે રસાળ રસ ધામે.
સહજ ન પાર ઉતરવું યોગ માર્ગની અલભ્ય[10] છે છાયા.
સૂત્ર તંતુથી હાથી કયમ બંધાશે અજીત આ માયા.

૭.

સુખરૂપ છે એક વૈરાગ્ય મારે.
માયાથી ન હારૂં બદલે જો નભ[11] ભાનું[12]—સુખરૂપ.
તસુ ના ખસું હું કદિ ના ફસું હું,
"પણ"[13] હું કરૂં છું જ શંકા વિનાનું—સુખરૂપ.

---

૧ શંકરના ગુણ દર્શાવનારાં નામ. ૨ રાજા. ૩ તારણ. ૪ જાણી લીધા. ૫ ટકી નહી તેવું. ૬ ડગમગ્યા. ૭ પ્યાર. ૮ ભયનું. ૯ બંધન. ૧૦ બહુ કઠણ. ૧૧ આકાશ. ૧૨ સૂરજ. ૧૩ સોગન.

૮.

જન્મ પામિયો માનવનો જે તે નથિ પાછો મળવાનો.
દેહ મનૂષી શ્રેષ્ઠ ધરીને ફરિ નથિ ભવમાં ભળવાનો—જન્મ.
બળી બળીને રાખ થયા બહુ તું પણ કાળે બળવાનો,
પતો ન પામ્યા કોઇ પામરો[1] તાપ નથી તે ટળવાનો—જન્મ.
કદી ન છોડે મોત ભયંકર કાળ નથી તે કળવાનો,
એક દીવસે અજગર જમડો પકડી પિંડજ[2] ગળવાનો—જન્મ.
અમર અચળ કો નહી જાણવો નિયમ નથી તે ચળવાનો,
સંત કહે સુખવંત થવાને જન્મ ભક્તિએ ફળવાનો—જન્મ.

૯.

થા ચેલિ મારિ રે—નહિં કાચિ કાયા કાચિ માયા સાચિ ધારિ રે- થા ચેલિ.
જો માત તાત ભાઇ બ્હેની બાઇ સગાં સાઇ સઉ સ્વાર્થની સગાઇ-થા ચેલિ.
અરધાંગે તનેં છોડિ તેથિ થઇ ગઇ તું ખોડિ તો લે જોગ સંગ જોડી-થા ચેલિ.
ગેરૂ વસ્ત્રને લગાડિ જંગ જોગિનો જગાડિ મૂક ભોગને ભગાડી-થા ચેલિ.
અહિં આવ કાન ફૂકું ગુરૂ મંત્ર નહીં ચૂકું ભેખમાં બળાવિ મૂકું થાચેલિ.
હવે ચાલ મારિ સાથ તને આપું ગુરૂ પાઠ જઇએ સ્વર્ગમાં સંગાત.

૧૦.

શાને કરેછે શેખિ નકામી લાજ તું લેશ નાદાન.
જોગી નહિં તું જોગટો દેખું ચાલ્યું નહિં ગુજરાન.
રોયાની ભડકામણિરે ટોપી.
સાધુ નહિં તું વેષ ધારિ છું.
એદિ નિત પડયો પડયો ખાય રે—માગી કાં ખા.
જોઇ તારિ અળખામણિ રે ઝોળી—
ભેખ ધરી કાં હાંસી કરાવે થાય વગોણું આંમ.
ભગવું ધર્યું તો ખુબ ભજાવી રાખ તું તારૂં નામ.
આવું શું ભડકામણું રે ટિલું.

---

૧ તુચ્છ માનવ. ૨ શરીર.

ધ્યાને જો ધા—તો તું ખુબ.
ખોટું નહિં રામ નામ બોલરે ધુતો ન થા.
છોડ તારી અલખામણિ રે વાણી.

૧૧.

મને આ મળ્યો આજ રૂડો પ્રસંગ.
અનાયાસ[1] ઉરમાં[2] વધેછે ઉમંગ—મને.
હતી વાંચ્છના[3] જે પુરી તે થશે.
અનાદીનુ[4] અગ્નાન ચાલ્યું જશે—મને.
નિરંતર કરૂં કાર્ય જે સેવનું.
હવે ગ્નાન પામીશ તે દેવનું—મને.

૧૨.

મનહર લાગે ઉપવન રે, શી રચી આ હરિએ રચના.
રંગ રૂપ વિધ[5] વિધ દિપાવે વાહ વાહ ઠામ ઠામ મદમય,
નાચતા નાચતા મૃગ થનગન થનગન, ગુંજતા ઘુંમતા,
ભ્રમરો ભૂલા ભટકે રસને જાણી ન જાણી—મનહર.
સરસ સરસ રસીલી કસીલી[6] ખિલિ.
લિલાવળી રઢિયાળી[7] ફળ, ફુલવાળી ફરફર કરતી.
સુવાસતી[8] ગતિ મંદમંદ વાયુની શી કલબલ શી ખલખલ
જલથલ હરનામ આ વન પણ બોલતું જાણી ન જાણી.

૧૩.

ભવસાગર તે ભયકાર અતી જગદીશ વિના નહિં. કોય પતી
કદિ સિદ્ધિ[9] ન લેશ થતી ધનથી ક્ષણભંગુર દેહ ગણો મનથી
ઘડિ એક ભલી સુખની દિસશે પળ માત્ર વિશે સુખ નષ્ટ[10] થશે
કુડ રાગ અસત્ય વડાઇ તજો સત સંગતમાં મળિ ભક્તિ સજો.

---

૧ આપોઆપ. ૨ દિલમાં. ૩ ઇચ્છા. ૪ જન્મ મરણ. ૫ જાતજાતનું. ૬ કસવાળી. ૭ રૂપાળી. ૮ સુગંધ આપતી. ૯ મુક્તિ. ૧૦ નાશ.

અભિમાન તજી જગમાં વિચરો મદ માયિક મોહ વિચાર હરો
પર સ્ત્રી જનની ભગિનીજ[1] ગણો લઘુતા[2] જગની બધિ સદ્[3] હણો.

૧૪.

જાઊં પવન વેગ સમ—પવન વેગ સમ—ત્યાં
જાઉં પવન વેગ સમ—જાઉં હું ખરો યોગી.—જાઉં.
ફસિ જાય જ્યાં મુનિવર જઇ—નહિ હું તહિં પરવશ કંઇ
થાઉં—ત્યાં જાઉં.
અરા સુરા મનન સમન ભજન રંગ અકળ અંગ મારે—ત્યાં

૧૫.

જ્યાં લોભિ લાલચુ રેતા—ત્યાં ધુર્ત ભુખ્યા નહિ રેતા
લોભી ધન આશે રેતા—ગુરૂ અન્ન પાશમાં રેતા
ઠગ ઠગાઇમાં ખુશ રેતા—નિશદિન મતલબમાં રેતા રેતા—
રેતા કંઇ કંઇ કેતા કંઇ કંઇ કરતા—ફંદે ફરતા છંદે ચરતા હરતા ફરતા
ગુરૂદત્તાત્રય બોલિ બોલિને—ભાંગ ધતૂરે ભૂખ ખોલિને
ગોપિચંદને અંગ ચોળિને—ગેરૂ રંગમાં વસ્ત્ર બોળિને
ઠમક ઠમકતા ગુરૂ ચાલિયા—દમક દમકતા દ્વાર આવિયા
ભોજન રસથી ચિત્ત મ્હાલિયા—ભોજન પિરસ્યું હેત ધરીને
બાવો બેઠા હાસ કરીને—પછી પ્રાર્થના કરવા માંડી
ઇશ નામની વાગી દાંડી—બુમ બરાડો ધુમ તરાડો
લેંક્યો પાડો જાડો જાડો—ભજનં કરણું પ્રભુ તવ ચરણું
નાટક રમણું વેદે મનનં—અમૃત ઝરણું લાડુ જમનં
દૂધં પિવતં ભજીયં ભુક્તં—શાકં ચખતં ખુબ જમંતં
શ્લોકં વદતં ચાળા કરતં—ભક્ત ફુંફાડા બળથી દેતા
નિશદિન મતલબમાં રેતા રેતા.

---

૧ બ્હેન. ૨ ગાથા, ૩ જલદી.

૧૬.

અંતે સાથ ન આવશે જન ભલા યત્નો હજારો કરે,
સારૂં કૃત્ય નઠારૂં વા જન કરે સાથેજ તે સંચરે.
છે સંસાર વિનાશવંત વિશમો[1] અંશે ન સાચો મળે,
સાચી છે હરિ સેવના જગતમાં સૌ કષ્ટ જેથી ટળે.

૧૭.

કાચી માટી તણો આ ઘડુલો—ફૂટે ફટકામાં જો રાહ ભૂલો.
જગમાં ખટ-રીપુ[2] વરશાવે ત્રાસ—ગ્નાન સિંચનથી થાય નાશ.
ઉપદેશનું અમૃત એવું—આશનો પાશ તોડે તે તેવું.
ક્ષણભંગુર દેહ પ્રમાણું—સંત સેવનમાં સુખ માનું
માટે દાસીનેં દો ઉપદેશ—આવી આશાએ જોગી નરેશ
જેથી મોક્ષ ગતીને હું પામું—જન્મે જન્મ તણાં દુખ વામું.

૧૮.

જોગ વિકટ દુર્ઘટ[3] સતવટિયો[4] અણિ તરવારની ધારો.
લોહ ચણા કયમ દાંત ચવાયે સાગર જળ જ્યમ ખારો.
કાંટાનો ચારો—જીરવવો કાચો એ પારો.

૧૯.

વેદ ભણ્યો પણ ભેદ ગણ્યો નહિં તો પછિ વેદ ભણ્યો વરથાતે
ઇશ તણું નિત નાંમ રટે પણ માર્ગ તજી વિચરે અઘ[5]વારે.
મંદિરમાં જઇ મૂર્તિ સમો વિનવે કર[6] જોડિ ભલે દિન રાતે.
ભક્તિ વિના સદ નીતિ વિના જન પાપ ઘડો છટકી ફુટ ફારે.

૨૦.

ભાગ્ય ભલૂં જનનૂં જવ થાય જઇ સતસંગત સંતનિ ધારે.
સંત સમાગમ છે સુખદા વળિ પાપ વિનાશથી સંત ઉગારે.
સંગ કુસંગ કરી જગમાં જન આપ પગે તરવારજ મારે.
સજ્જન સંગ અમૂલ્ય ગણ્યો તરતાં ભવસાગર પાર ઉતારે.

---

૧ દુઃખનાથી ભરેલો. ૨ કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર. ૩ કઠણ.
૪ સત્યતાની ટેક રાખવાવાળો. ૫ પાપને રસ્તે. ૬ હાથ.

૨૧.

મન હરણું તુજ રૂપ નિહાળી ચિત્તવૃત્તિ બહુ ચળી છે મારી.
થશે ન શાંતી ક્રોડ ઉપાયે શાંતિકાર એક છબીજ તારી.
મુખે ચંદ્રની જોત હરી છે મદન[૧] મૂર્તિ શું નાથ ઘડીછે.
પ્રૌઢ[૨] દક્ષતા[૩] ખરેખરી છે વર્ણવતાં મતિ ગઇજ હારી.
ભાગ્ય ભળ્યું મુજ મળ્યો મને તું નહિં તજું તુજ પ્યાર ધરૂં હું.
તન મન ધન તુજને અરપૂં છું ગ્રહણ[૪] કરે મુજ પ્રેમ વિચારી.

૨૨.

શા માટે શ્રમ વેઠિને વિષયનાં[૫] યત્નો બુરાં આદરે.
રાજા કુંદનસેન ક્ષત્રિ કુળનો કૂલક્ષણોથી ડરે.
ગોપીચંદ તણી સગાઇ ધરતો કૂટીલતા[૬] ના કરે.
ના સંતાપ દુખી થતોજ જીવ આ વ્હાલાં વિયોગે મરે.

૨૩.

જો તું હોય વિયોગી પંડે—મુજને માન ન જોગી.
દુઃખથી દુઃખિયાં સોગી હું તું. મુંજને માંન ન રોગી.—જો.
બન મન મોહન અમન ચમન કર હાથ હાથમાં ધરી કરી.
ભૃંગ[૭] ભલો તું ભોગી થઇ જા. મુજને માંન ન રોગી.—જો.

૨૪.

પવન વહનને પીઠજ દઇએ વેળ વરતીયે ઘેલા.
મુઠનૂં મૂકી દુરને ધા કાં મૂઢમતી મન મેલા હો.—પવન.
ઘર બેઠે ગંગા નાહીલે હરખ હરખ તૂં એલા.
તિલક લક્ષ્મી કરવા આવે નહિં મુખ ધોવા વેળા હો.—પવન.
પારશનું મણિ હાથ પડે તજવું તેને નહિં છાજે.
ભુંવન[૮] ભુવનમાં ફરી ભટકતો દુઃખ પાછળ નહિં ધાજે હો.—પવન.

---

૧ કામદેવ. ૨ મોટી. ૩ ચતુરાઇ. ૪ લે. ૫ કામ વાસના.
૬ નીચપણું. ૭ ભમરો. ૮ દેશોદેશ.

અરણુ ધરણુમાં શીશ ધરૂં પ્રિય આવ હમારે કાજે,
શરણાંગતને[2] દે તરછોડી ક્ષતિ થઇ નવ લાજે હો—પવન.

૨૫.

નવરંગી જામ્યો ભૂમીનો આ ભલો રૂડો રંગ
રંગે રે રંગ ઉમંગ—નવરંગી.
વસંત વિહારી ભારી ભરચક જામી
નવા ફુલ ફુલ તણાં ઢંગ—રંગેરે રંગ.
ગાન કુંજે ગુંજ કરી પંખિઓ કલોલે.
પતિ પ્રિયા મન ઉછરંગ—રંગેરે રંગ.

૨૬.

માયા તણી મોહની મોહનની—છે બલવંત અનંત.—માયા.
સ્ત્રી પુરૂષોની જોડી જડીછે—જ્યાં પ્રીત ઝરણુ ઝરંત,
એ ઝરણું જકડીજ ઝિલંતાં—લાખ ખસ્યા ને ખસંત.—માયા.
પારધી કામ મને મોહ રૂપે—ભેદવા તીર કસંત,
કામવિકાર પછી બહુ થાતાં—લોક કુવામાં ફસંત.—માયા.

૨૭.

અકળ ઇશે રચી રચના જગની સકળ સજી છે હિતકારી,
જનને મનને તનને ધનને ગ્નાન પ્રકાશક સુખકારી.
અવર[2] નથી કોઇ ભકત જનોને—ભજન સજન રંજન કારી,
ખટકે ઝટકે પટકે ફટકે—આધિ વ્યાધિ શંકાહારી.
ગહન[3] ગતી ભરી અતિ પ્રભુજીની મહથિ ભુલે સઉ સંસારી,
કપટે ઝપટે લપટે ચપટે પાપથી બાપ લે ઉગારી.

૨૮.

નહી આ ગુરૂ જોગનું છે ભોગનું આ ધામ.—નહી.
નવિન તું નર ગણી ભરમ ન તોડિ તારૂં,
મન નહિં મોડિ નહિં છેડું નકામ.—ગુરૂ.
જો આવે રાણિ મારિ જાણિને વખાણિ ભારિ,

૧ આશ્રય માંગનાર. ૨ બીજું. ૩ સમજી ન શકાય એવી.

રસ રૂપમાં નહિ જોડ પ્યારિનિ જાણિ
નયન કમલ થકિ મારિ જો કપરિ ધારિ
ભજત ભજન નહિં રહે હરિદામ—ગુરૂ.

૨૯.

ગુરૂ શાંતિ ધરો ફુલ માલ ગજરો સ્વિકાર કરો—ગુરૂ.
કોમલ કરની કળા લડાવી અતી કોડથી[૨] કર્યો[૧],
ધારી ઉમંગ અંગ ભેટ ગુરૂને ધર્યો[૧]. ગુરૂ.

૩૦.

દૂર દૂર હે નારી છણકારી ધુતારી લુટારી.—દૂર દૂર.
તપનું જપનું નૂર આ નહીં ચળે,
અધમ અલી દૂર કાં મને છળે.
કપટ ઝપટ અટપટિ પટકિ ઝટકિ છટકિ દૈશ દંડ.
હૂડ અરે ચૂડ ખરે—દઈને શાપ રાખ કરૂં પાપ દૂર.—દૂર દૂર.

૩૧.

માયા વૈ મુરખ્યા તું ભમેર ભુલ્યો ભાનથિ જો.
માનથિ જો ધ્યાનથિ જો શાનથિ જો.—માયા.
જોડિ ન તેં પ્રિત જગ બાપમાં,
કરિ પ્રિત કાચી પડયો પાપમાં,
— મણિ રત્ન મૂકી મચ્યો કાચમાં.—ભાનથી જો.

૩૨.

માનવનાં ચિત હરિયે—મંત્ર ભણી માનવનાં ચિત હરિયે.—મંત્ર.
વચનામૃતથી સંત શાંતિ પણ—પલમાં વશિ ભુત કરિયે.—મંત્ર.
પુષ્પ પવન સુખ પૈષ્ટિક ભોજન—સાધન ત્રણેથિ તરિયે.—મંત્ર.
નયન ભ્રકુટિ[૩] તણૂં શર[૪] મારી—ચિંતવ્યા વરને વરિયે.—મંત્ર.
મન આકર્ષણ મંત્ર ધનુષને—હેતે હાથે ધરિયે.—મંત્ર.
જોઈ નવો નર કોઈ રૂપાળો—મન હરતાં નહિં ડરિયે.—મંત્ર.

---

૧ ઉમંગ. ૨ મોટો વિચાર. ૩ ભવાં. ૪ બાણ.

૩૩.

નવલ તેજ જો બાઇ સુરતિ દુરથિ જો—નવલ
ભલો ભલો યુજનને છે જોગ ભલો આવ્યો
અનંગ[1] જોવાને રંગ સ્વરૂપથી છું દંગ આ કહેવું મનમાં.
લેવું ચતુર ચેતિ ચિત તું જો જો.—નવલ.

૩૪.

અંગમાં ઉમંગ રસ રેલિયો સહેલિ મારા અંગમાં ઉમંગ રસ રેલિયો—અંગ.
રૂપ અનૂપમ જાણે સાગરે ભર્યું જલ—બુદ્ધિનો સુધારસ ભેળિયો.—સહે.
ભમર કમાન ભલું ભાલ તો વિશાળું—સ્નેહથી રિઝાવું મારો છેલિયો—સહે.
જોડ મળી જગત રસ લાગે મને મીઠો—પતિ પ્રિયા પ્રેમ પાશ ફેલિયો—સહે.
ભાસતું ભવિષ્ય મારૂં બ્હેનિ આજ સારૂં—હવે મારો પાસો સવળ ખેલિયો—સહે.
કામણ-કુમણ[2] મોહ પાશ બંધનેથિ બાંધિ—પકડું જકડું પ્રેમે કરૂં ઘેલિયો—સહે.

૩૫.

વિયોગિનો વિયોગ લે વિચાર, આશ નિરાશ કરો નહિં કોની—વિયોગી.
તન મન મારૂં તું પર વારૂં, બને સંગી જો હઇયા તણો હાર.—મારો તું આશ.
હતિ નિરોગી બનિ હું રોગી, જોગિ ભોગિને દુઃખથિ ઉગાર.—આશ.

૩૬.

સંસારે નર જન્મમાં જનમિને સેવી નહીં કામની,
આલંગી નહિં પ્રીતથી શશિમુખી[3] તો કાય શા કામની.
વીસારી વિધિ[4] હેતુને જગ વિશે—સર્વે દિશા આથડે,
ખૂવે જન્મ વિરાગમાં રવડતાં શૂં લાભ તે સાંપડે.

૩૭.

સર્વે પ્રાણિ વિશે મનુષ્ય તન જે અત્યંત છે કીમતી,
કામાતૂર જનો મંદાંધ[5] બનિને તેની કરે દુર્ગતી.
ખૂએ વાદ કરી વૃથા કુમતિથી જે શાંતિ સોના સમી,
સ્વચ્છંદે વિચરી અતી મુઢ જનો ધારે ક્રિયા કારમી.[6]

---

૧ કામદેવ. ૨ વશ કરી લેવાની વિદ્યા. ૩ ચંદ્રમુખી.
૪ ઉત્પન્ન કરનાર. ૫ હ્રુપણાંમાં આંધળા. ૬ વિચિત્ર.

૩૮.

ચંદ્ર મુખી હરણાક્ષી[૧] હંસ ગતી એ માલતિ કામાનો.
સંગ કર્યો નહિં જેણે જન્મ તેહનો ખરે વૃથા માનો.

૩૯.

નિરગુણ જગનાં કરતા અપાર જ્ઞાની સદચિદ્[૨] આત્માનો.
જેણે શોધ ન કીધો જન્મ તેહનો ખરે વૃથા માનો.

૪૦.

મધુર વચનવાળી કામિની જે સુરાગી.
સુશિલ અચલ ચાહે પ્રેમિલા કોમલાંગી.
સમ અણુવિધ મોતી સેવિ રંભા ન જેણે.
પુરૂષ જનમ હાર્યો વિશ્વમાં જન્મિ તેણે.

૪૧.

સુખ ક્ષણભરનું તે નારિથી જે મળેછે.
અચળ સુખજ તે છે યોગ અંગે ફળેછે.
સદગુણ નહિં જાણ્યો જાળમાં ધાઈ જેણે.
પુરૂષ જન્મ હાર્યો વિશ્વમાં જન્મિ તેણે.

૪૨.

વીનોદેજ પ્રિયંવદા વિનવતી આવી બિજી ઉર્વશી.
સૂગંધે ફુલ પારિજાતક સમી હોઠે સુધા સ્નેહિશી.
રંગે રાગ તિલોત્તમાં સમ ગળે શોભે મુખે ચંદ્રમા.
એવી સુંદરિ જો જડે જગતમાં તો સુખ શું સ્વર્ગમાં.

૪૩.

કોકીલા સ્વરિ રૂપને ગુણ ભરી સેવે સદા તે ભલે.
આરાધે નહિં ઈશને ભજનથી તો સ્વર્ગ શાથી મળે.
યોગી સંગ તજી ફરે રવડતો નારી કટાક્ષે ફસે.
એવો મોહ[૩]મદાંધ કામ રસિયો કાંઠો નહી દેખશે.

---

૧ હરણના જેવી આંખવાળી. ૨ સત્યનો પ્રકાશ કરવાવાળો.
૩ મોહ અને મદમાં આંધળો.

૪૪.

શશી બીજે ઊગ્યો કમળનયની ચંચળ અતી.
વિવેકી પ્રેમી છે વળિ મધુસુરી હંસનિ ગતી.
ઉરાંગે શોભંતી તરૂણ લલના[૧] આ રસ ભરી.
સ્વિકારો તે સ્વામી ગણિ નિજ પ્રિયા હેતજ ધરી.

૪૫.

શાની થઇ હે માત તું મોહપાશમાં પડી.
વીવેકને ગઇ વીસરી જગ જાલમાં પડી.—શાની.
પુત્ર પ્રેમી શોકથી રે નહી કંઇ દાઝી.
કામ અંગીકારથી રે નહીં કંઇ લાજી.
કુળકલંકિત કર્મથી અંગારમાં પડી.—વીવેકને.
કીર્તિ પૂરણ બાપની રે જગતમાં જામી.
ફક ભૂંડી પાપિણી રે અસ્ત તે પામી.
લાજ લોપી ને અનીતી ગારમાં પડી.—વીવેકને.

૪૬.

ક્ષમા તાત માતા તણી પાપની.
કરી પૂર્ણ થાને ફરી થાપની—ક્ષમા.
ભલી રાહ લેવા મતી આપની,
મને પૂર્ણ આશા તું જગ બાપની—ક્ષમા.

૪૭.

કોણ પ્રભુવણ ભવ જળ તારે તુંજ પ્રભુ ભવ જળ તારે.
અવર ન હિતકર સુખકર દુખહર—તુંજ.
સત્ય સ્વરૂપી નામ નિરાળું સુખ ને શાંતી.
વાણું રે મતી આવને તાત ભલી જે મન નાહિં.
તુજને વિસારે.—કોણ.
સંકટ કાપે થાપે ઉથાપે—ખરીજ શિક્ષા આપેરે,
નિર્ગુણ સગુણે રમણ કરીને—કર્મ પ્રપંચ નિવારે. કોણ.

---

૧ સુંદર સ્ત્રી.

૪૮.

દિન વસંતપંચમિ આજે, વાજીંત્ર મનોહર વાજે.—દિન.
બહુ હર્ષ થાય અંતરમાં, સખિ અબીર દે મુજ કરમાં,
ગયું કોણુ સુગંધી કાજે.—વાજીંત્ર.
કરૂં ગુલાબ જળની ધારા, ભર્યાં કસ્તુરિથી કર મારા,
એનિ કયમ તુ મનમાં લાજે.—વાજીંત્ર.
સહુ ઉડાવો, અરગજા અંગે, લઇ કેશર કિંચિત સંગે,
ધન્ય પ્રાણુનાથ બીરાજે.—વાજીંત્ર.

૪૯.

શું સુશોભે રંગી આ ન્યારો રંગ,
પિયુ રંગથી થયો મદનનો[1] ઘેરો રંગ.—શું.
આરોગ્યતા પુર રંગથી જામો,
વસંત રૂતે જયમ ઝમકેછે ફુલ રંગ.—શું.
પ્રેમ ઝરો પુર જોમમાં વ્હેનો,
વર્શારૂતે જયમ ઉછળે ઝરણુ અંગ.—શું.
પ્રિતમ પ્રિયાઓ સ્નેહ સુવાસો,
ક્યારે કદલિ[2] પાન તજે ન નિજ સંગ.—શું.
સહુને સદા સૌભાગ્ય સુધા હો,
લ્હેર લિલામાં ચમકે અનંગ રંગ.—શું.

૫૦.

રંગત ભલિ સુંદર ફલિ રસથિ પુર ભરી,
રહો નિશ દિન બહુ સુખ લિન[3] રંગમાં ફરી.—રંગત.
જન તન મન કરૂં મુજ ધન બુદ્ધિ દે હરી,
પ્રિત હિત હિત નિત ચિત ચિત ધર્મને ધરી.
સુખ સજી લઇ દુઃખ તજી દઇ કીરતિમાં ફરી,
તનથી મનથી ધનથી વચન ધરૂં મનન કરૂં.
વહન કરૂં રાજ ઝૂંસરી. રંગત.

---

૧ કામ. ૨ કેળનું પાનું. ૩ ભરેલું.

૫૧.

સુખ ભાણો લેજો રે, પતિ હો પ્રિયતમ મન ભરતા.
હીતને કરતાં ન ચળતાં ન પળતાં ન ઢળતાં,
દુઃખ હરતા દુઃખ હાળી દેજો રે.—સુખ.
જગ અંદર રહો અજર[1] અમર પતી કાલ ખપરને[2]
દઈને ઠોકર—હસતાં રમતાં જમતાં ફુલ શૈયામાં.[3] સૂજોરે.—સુખ.

૫૨.

શોભીતી તનની આકૃતી શી ઇન્દ્રસમ ભાસે,
આકાશે શર્દ રુતુનો જયમ ચંદ્ર પ્રકાશે.—શોભીતી.
આહા તે ક્ષણ ભરતાં શર્ણું કાલને થાશે,
નહિં રિદ્ધિ સિદ્ધિ[4] સ્ત્રી સગાં કો સાથમાં જાશે.—શોભીતી.

૫૩.

રે સુભાગિ જન તું માન ધર્મ ધ્યાંન ધારી,
જન પ્રસન્ન કૃત્ય કરી થા પરોપકારી.—રે.
માર્ગ કઠણ મનુષ દેહ નહિં પશૂ સુરારી[5],
જ્ઞાન દરપણે તું જોતિ વીવેકે વિચારી.—રે.
સત્ય કૃત્ય વણ તું જગે આવી થયો અપકારી,
સહાય શરણ કદિ ન દીધ સુકરણી વિસારી.—રે.
જન્મ સફલ કર્વો હોય—દુર્મતી દે મારી,
જોડ પ્રીત પ્રભુનિ સંગ—શિખ આનંદ કારી.—રે.

૫૪.

લક્ષ્મીમાં લપટાણો નર તું લક્ષ્મીમાં લપટાણો—રે,
અવધ પૂરિ પરદેશ તણી થૈ ત્યારે તું લૂટાણો—રે.
પૈસાની તું થડી બાંધિને નિજ જનમાં પંકાણો—રે,
જશ ને નામ તણો કદિ પાયો તુજથી નહિં નંખાણો—રે.

---

૧ સદા જુવાન. ૨ ભિક્ષા માગવાનું કાલ્બું. ૩ પથારી.
૪ ધન તથા સામર્થ્ય. ૫ દૈત્ય.

ગર્થ ગાંઠડે અંધ બની તું ચિંતા ભીત ચણાણો રે,
ઉલટ પુલટ માયાને કરતાં ભ્રમિત મને ભરમાણો રે.
દુરિજન રૂપી કાંદવ કચરે ધસી ફસી ખરડાણો રે,
આત્મ વિચાર મણી તજી મૂરખ લેવા ધા કાં ન્હાણો રે.

૫૫.

સર્વથિ મોત ભયંકર માયા વશ તે પુર અંધો કહિયે,
ખટ રિપુને જે જીત્યો ખરો શૂરવિર નર તેને લહીયે.

૫૬.

સુખ દુઃખ સઉ થાએ આપને મન જેવું,
જગત જીવ બધાને થાયછે તેજ તેવું.
જન મનન કરીને સર્વથા ગ્યાન જાણે,
સરવ સજન તેને સંત સાચો પ્રમાણે.

૫૭.

નિત નિત હરિ આગ્યા પાળિ સંતોષ લેછે,
અસત તિલકવાળા દાંભિકોથી[૧] પળેછે.
પ્રભુ તણિ પ્રિત રાખી નીતિમાં ચિત્ત સ્થાપે,
સદગુણિ જન તેને ભક્તનું નામ આપે.

૫૮.

પાખંડીના ભેદથી ભમી કરે જન ભુલ,
સાંભળ કાન્તિ કહું તનેં ખરૂં ધર્મનું મૂળ.—પાખંડીના.
ધર્મ મૂળ પરમેશ છે સર્વ જગત આધાર,
નિરાકાર હોવા થકી બોલ ન બોલે બાર.
પણ કૃત્યેથી દાખવે નિજ આગ્યાનો સાર,
જન તે સમજી ચાલતાં પામે જગનો પાર.—પાખંડીના.

---

૧ કપટી, ઠગારા.

૫૯.

પણ એ શીખ બધી મન લેવા જોઈએ મન શકતી અનુકૂળ,
તે મેળવવી અતી દોહલી—ખ્હાડ ટોંચનું તે છે ફૂલ.
આરોગ્યતા જગતમાં પ્હેલું સુખ સાધનનું મોટું મૂળ,
દઈ વિસારી તેને જન તો સર્વ કરેછે મોટી ભૂલ.

૬૦.

પ્રભુ પ્રભુ બહુ બોલી પેટમાં કાંતિ રાખે,
પર ધન પર સ્ત્રીનો પ્રેમથી સ્વાદ ચાખે.
કપટ ઝપટ બાજી ખેલતો વિશ્વ ડોલે,
અધમ પુરૂષ એ તો નીચ ચાંડાળ તોલે.

૬૧.

જપ તપ તીરથ કરે માનવી દેહ દમી[૧] તન જોગ ધરે,
પણ માયાની જાળ ઝપટમાં ધસી ફસી મન ભોગ ધરે.
ક્ષણિક સુઃખને સાર ગણીને-શમદમનું[૨] ધન ફોગ[૩] કરે,
લખ ચોરાશી જન્મ ભટકતાં તજી ગ્યાન જન રોગ ધરે.
જોગિ નિરંજન પ્રભૂ એક છે—અન્ય[૪] જોગનું પોગ[૫] ધરે,
હાડ ચર્મ ને માંસનું માનવ-કદી ન પુન્યની છોગ[૬] ધરે.

૬૨.

સજ તું સંતની સેવા ખરે ખરૂં ગ્યાન તે.
ગુરૂ પ્રતાપે ગ્યાનિ થઈ—વિશ્વ વમલ માનિ લઈ,
નાશવંત દેહ દમની.—ખરે ખરૂં.
સ્વાર્થ રૂપ સર્વ મળ્યું કૂડ કપટ તેં ન કળ્યું,
કાયિ માયિ સૂખ ચપાગુ[૭].—ખરે ખરૂં.
નામ નાથનું સમરી વિશ્વ ઝરણ જા તું તરી,
પાપ પાશમાંજ ન પડી—ખરે ખરૂં.
યોગ ગ્રહી થા તું અમર—શ્રેષ્ઠ દેહ પામિશ પુનર.
ઈશ ચરણ રજમાં પમર—ખરે ખરૂં.

---

૧ અંકુશમાં રાખીને. ૨ ઇંદ્રીઓ જીતવાનું. ૩ વ્યર્થ. ૪ બીજાઓ. ૫ ચોરો. ૬ ધજા. ૭ ચાલી જાય એવું.

૬૩.

અધમ હું ભડકી ભાન ભૂલ્યો,
નિંદક જનને તન મન ધન દઇ સતનો પથ ભૂલ્યો.
સતીપર આળ કરી ફૂલ્યો,
આકુળ વ્યાકુળ બહુ બળ બળ થઇ દાંભિક હું પ્રજળ્યો.
અરેરે પાપ કુવે ઝુલ્યો,
ગળ ગળ થઇ જળ પળ પળ નયને અશ્રૂ[1] રસ ઉભળ્યો.
જનૂની નિંદક હું નિકળ્યો,
કાચા કાને પતન પતન[2] થઇ છલ બલ મેં ન કળ્યો.

૬૪.

સુખ કર પ્રખ્યાતા—દુઃખહર છો દાતા—માત પિતા
ભ્રાતા[3] મન આશા પુરજો હે દાતા.—સુખ કર.
ચરણે ચિત ચાહ્યું હૈડે હિત ભાળ્યું,
જગ બંધન બાળ્યું અઘ[4] નદિથી છો સઉના ત્રાતા.[5]—સુખ કર.

૬૫.

વય વરશામાં છોરો પંડે કુડો છળ ના કળ્યો.
શ્રવણ કરિને કાને નિંદા બુરો રસ મેં ગળ્યો.
મુરખ બનિ હું મોટો અંગે પછી અતિશે બળ્યો.
શરણ પ્રભુનૂં માગૂં પાપી પુરો દુખડે દળ્યો.

૬૬.

માયા જાળનિ માળમાં ભટકતાં ભોગી ભુલો જે ફરે.
માયા મુક્ત દયાળુ જોગિ જન તે દીલે કશી ના ધરે.
જોગી ભૂષણ એજ છે જગ વિશે ખંતે ક્ષમાળુ[6] બને.
જોડીને દ્વય હાથ માગુ મુખથી પાપોથિ રક્ષો મને.

---

૧ આંસુ. ૨ હલકા પડીને. ૩ ભાઇ. ૪ પાપ.
૫ તારનાર. ૬ માફ કરનાર.

૬૭.

કૃપાળુ છો ત્રાતા પિતર જન ભ્રાતા હિત કરો.
ઉગારો અન્યાયી વિનતી સુતની[1] જો ચિત ધરો.
મનુષ્યો સઉ ભૂલે નહિં ચલિતતાથી પ્રભુ ડુલે.[2]
ક્ષમા શાંતી આપો અમર ઉપદેશે મન ખુલે.

૬૮.

ઉજ્વળ[3] કુળ કેરી જાણ્યું જે લાજ લૂટી.
અમર કિરત મોટી ક્ષત્રિની ખ્યાત[4] તૂટી.
બનિ ભયભિત ભૂલ્યો બાજરી નાથ ખૂટી.
અભય શરણ આલો આપ છો જીવ બૂટી.

૬૯.

વચન વીરનૂં એક હોયે સદા.
સુર ચંદ્ર ફરતાં ફરે નહિં કદા.—વચન.
ચલિત સુઃખ માટે કરૂં યોગ ત્યાગ.
તો ઉલટે પ્રલય[5] ને ધરે પૃથ્વિ માગ. વચન.

૭૦.

ભવમાં પ્રભુ ચરણે ચિત રહે જો સદા યોગ અંગમાં.
આશા સઉ તારી પુર્ણ કરે ઇશ.
જનમ જનમ ફરે જોગી રંગમાં.—ભવમાં.

૭૧.

ગોપિચંદને જોગજ લાગ્યો થયું આપણું કામ.
કરી મિત્રતા તેની સાથે ભમશું ગામે ગામ.
ગુરૂ જાલંદર ભૂખ લાગતાં સદા ધરેછે ધ્યાન.
ધ્યાન દાસને નથી થાકતું ભોજનનું છે ભાન.
માટે એવા જોગી સંગે રહેવામાં નહિં સાર.
રાજ જોગિનો સંગ ધારિને ધરશું રંગ અપાર.

---

૧ દીકરાની. ૨ ડગમગે. ૩ ઊંચુ. ૪ કીર્તિ.
૫ પૃથ્વીપર પાણીનું ફરી વળવું તે.

મેં ભગવાના અવગુણ ગાયા પણ ભગવામાં સૂખ.
વૃક્ષ ઘટામાં લ્હેરો લઈશું કશી વાતે ના દૂખ.
ઝરણ ધરણ પર ટપક ટપકતાં તરૂવર[2] અપરંપાર.
ગાય મધૂરાં ગીતો પંખી વાય વાયુ સુખકાર.
ઘર ઝાડીને ઘરમાં બેઠે લાખ થાય વીચાર.
છોકર છૈયાં ઘરની નારી ભરે ખાંડિનો ભાર.
મારે લાગે વનમાં સારૂં ખરેખરૂં આ વાર.
મોજ મારીશું રંગ ખેલિશું ચાલ થાઉં તૈયાર.

૧૨.

અસત જગત જૂઠું જાણિને લીધો જ્ઞાનોપદેશજી.
મોહ માયા મદ મૂકીને ધાર્યો જોગીનો વેષજી.
સુણ શાણિ રાણી સુલક્ષણા.
પ્રેમ રસ પાઈ પિયુ ક્યાં પળો અમે અબળાની જાતજી,
દુઃખ દેણુ વેણ આ સાંભળી મનમાં મચ્યો ઉતપાતજી.
વેષ ઉતારો રાજા યોગીનો.

સાચી એ સ્નેહની લેહ જે જગનાથની સંગજી,
તેને તજી શામાર[2] સંગમાં ધારે કોણ ઉમંગજી.
સુણ શાણિ રાણી સુલક્ષણા.
દોષ વિના નારી છોડતાં પીયુ પાપ છે અપારજી,
આશ્રમ ગ્રહસ્થનો જે સજે નહિ જોગ અધિકારજી.
વેષ ઉતારો રાજા યોગીનો.

દોષ રહિત જગદીશ છે જૂઠો સઘળો સંસારજી,
માર્ગ મળ્યો તેથી છોડિયો ગ્રહસ્થાશ્રમ કેરો ખારજી.
સુણ શાણી રાણી સુલક્ષણા.

---

૧ મોટાં ઝાડ. ૨ સ્ત્રીના.

મેહેર કરો મારા કંથજી નાની વયની હું નારજી,
બાંહ ધરી રૂડી રીતથી કરો કૃપામ નિરાધારજી.
વેષ ઉતારો રાજા યોગીનો.
મોહ ખરો નહિં માનુની[1] મૃગ[2] જળનો છે ભાસજી,
પ્રીત સદા પ્રભુ ચરણમાં ખરો એજ વિલાસજી.[3]
સુણ શાણી રાણી સુલક્ષણા.

૧૩.

રક્ષણ સૌનુ નાથ કરેછે મુજમા ન શકતી ધરી,
હરેછે દુઃખિનાં દુઃખ તે હરી.
જગ જંજાળો કુડ દુર કરીને યોગ રંગમાં સરી,
સજ્યો મેં પથ તે સુખનો કરી.
વલ[4] વલે વિયોગે તજો ન વચને ફરી,
નહિ નાથ નમેરા[5] થશો દયા દુર કરી,
પતિ ક્ષાત્ર ધર્મની ખ્યાત[6] નહી એ ખરી,
સઘળ નરેશો જોગિ બને તો જગ બને દુઃખથી ભરી,
હરેછે દુઃખિનાં દુઃખ તે હરી.
હઠ તજો કંથજી મરૂં વિચારે ડરી,
તમ વિના જગત સઉ તીર, ધાર, ને છરી.
ભલે જોગ જગાડો સુખે મને મારી,
સ્વારથ મનથી ત્યાગ કરીને ભિક્ષા દ્યો સુંદરી. હરેછે.

૧૪.

દે છોડી જોગી ભેખરે હે નાથ નમેરા,
હાથ સાહ્યો ચોરિમાં છુટાય ના પ્યારા.—દે છોડી.
જોબન રૂપે પ્રાણ છો પતિ નારિઆ નવી,
અરધે અંગે શું થશો પિયુ પ્રાણથી ન્યારા.—દે છોડી.

---

૧ માનવાળી સ્ત્રી. ૨ રેતીનાં રણમાં પાણીનો ખોટો દેખાવ. ૩ ભોગ. ૪ ઝુરી ઝુરે. ૫ નિર્દય. ૬ કીર્તિ.

કીર્તિ કોઠો તોડિને રે જઇ વસો કાં વન,
નાથ ઘટતું એ નથી જો નેણના તારા.—રે છોડી.

૭૫.

ક્યાં છોડી પતિ પળો મુજ પ્રાણ.
અરે બળ બળ થતિ સતિ ટળવળ થતિ સુખકર દુઃખહર.—પળો.
રે પ્યારી કાં તું દુઃખ ધરે પ્રાણ.
જપ તપ ફલ મ્હોટું જગ તણુ સુખ ખોટું દુઃખ તજ સુખ સજ.—દુઃખ.
રે કંઠે પતિ ફરે મુજ પ્રાણ.
પાઇ પ્રેમ રસ પાણી, કરી પ્યારમાં દીવાની, વદિ મધુરસ વાણી,
પ્રિતે રંગ રસ માણી, હવે કરો કાં નાદાની.—ફરે.
રે પ્યારી કાં તું દુઃખ ધરે પ્રાણ.
પ્રભુ નામ રસ રૂડો, મદ માયા રસ કુડો, પાપ પાશનો એ ઝુડો,
બુરી આશનો છે પુડો મન નાશતણો મુડો[૧].—દુઃખ.
રે સ્વામી મને તજો નહિં પ્રાણ.
સંસારની ફાલિ[૨] ડાળિ, સુંગધિ ફુલોવાળિ, કરિ રખેવાળિ પાળિ,
ક્યાં જાઓ હવે બાળિ બાળિ, રે મુજ માળી.—તજો નહિં.
રે રંભા નહિં દુઃખ ધરે પ્રાણ.
સંસાર અસાર જાણિ, દુશકામની કૃતિ ઘાણી,
તું છે રાણિ ગ્યાનિ શાણિ, હે પ્યારિ ચિતમાં ચોડિ વાણિ, જાણિ
સુધાની.[૩]—દુઃખ ધરે.
રે આશા મને તારી એક પ્રાણ.
તું જા જોગિનિ વાટે, હૃદય નહીં કાં ફાટે, આ તનું[૪] જીવે શા માટે,
શરણ[૫] ધરણ[૫] મરણ,[૫] રે રે રાજા આશા પુરો મારી, દિલે દયા ધારી,
મતી સજો સારી.—તારી.

---

૧ આંકડો. ૨ ફેલાયલી. ૩ અમૃતની. ૪ શરીર.
૫ આશરો આપ, પાસે રહેવાની જગા આપ, અથવા, મોત આપ.

રે પ્યારી નહિ દુઃખ ધરો પ્રાણ.
શૃંગારનિ છાયા મૂકિ, વેરાગીનિ પાખી ભૂકી, નહિ નાસું શુધ મારગ મૂકી,
ન ડર ન ધર ન કર, શોક પ્યારી આશા પ્રભુ સાચી,
મુકતી ભકતી સાચી, જગ માયા છે કાચી.—દુઃખ.

૧૬.

આકાશે ભુવને અને ભુમિ તળે જોછે વડો મ્હારથી,
પામે પાર ન કોઇ નેતિ[1] પથનો વેદો મથે છો કથી.
નીરાકાર રૂપે રહ્યો સરવમાં ખોટો નથી નેમમાં,
એવા તે સર્વે વિલાસિ પ્રભુને નિત્યે નમૂં પ્રેમમાં.

૧૭.

પાય વિનાનો પાંગો[2] ડુંગર ચઢવા હામ ધરૂં આજે,
ક્ષમા દોષની માગી નાટક ભજું છું ગુણ લેવા કાજે.

૧૮.

પ્રીતની કટારી મારી ક્યાં હવે ચસાએ.[3]
મુરકી પ્રાણ ગયા ક્યારે ભમાવી, મુજથી નહીં રે ધસાય. પ્રીત.

દોહરા.

ચંદ્ર એકની પ્રીતમાં ચકોરનો નહિં પાર,
ચકોર બહુ પિયુ ચંદ્રને પણ ન ધરે મુજ પ્યાર.
ઘડિ આવું કહિને ગયા ગયા માનિતી દ્વાર,
દ્વાર ખોલ્યું વા પાયછે જીવ ગયો મુજ બ્હાર.—પ્રીત.

૧૯.

જાણે કાળ ન બાળ વૃદ્ધ યુવ[4] કો જ્યારે ધરે ફાંસ તે,
આવે રોગ કરાળ પ્રાણ હરવા આપે અતી ત્રાસ તે.
શ્વાસે પ્રાણ ધરે ધરેજ ઘટિકે પાણી ઝુરેલા ઘટે.
એવું નિશ્ચય જાણતાં જન બુરા શ્રીરામને ના રટે.

---

૧ છેડા વગરનું. ૨ પાંગળો. ૩ ખસાયે. ૪ જુવાન.

૮૦.

કાયે કંપ થશે ગતી ક્ષિણ થશે દાંતો દડી સૌ જશે.
આંખે અંધ થશે ન કાંઈ સુણશે હોઠે (હોઠે)થી લાળો ધસે.
બુદ્ધી હીણ થશે જીવ્હા લથડશે લાઠી લઈ હિંડશે.
એવાં સાંતકમાં નહીં ઘડપણે ભક્તી પ્રભુની થશે.

૮૧.

નાથને ઉપાસું સઉની નેં મારી આશ સફળ થઈ.—નાથ.
શુભ દિન આ ઘડી માન્યું મારૂં ભાઈ.
વીર ધીર થઈરી.—સઉની નેં મારી.

૮૨.

નહિં કાળજડું કળ ખાયરે રહું ઝુરી રે ઝુરી.
તને તાળાવેલી શી થાયરે રહું ઝુરી—રે ઝુરી.
નિંદ્રા નાઠી નેનથી રે દિન રાતે ના ચેન.
આડે અંગે શોક વેરી[1] લાગ્યોછે જીવ લેણ.—રે રહું.
શ્રાવણ ભાદરવો પડે રે ડાબે જમણે નીર.
કરમે કંથ ભમાવિયો રે ધારૂં હું કયમ ધીર.—રે રહું.
રસિયો રસથી રાડ[2] લઈ રે ઘરથી નાઠો દૂર.
આશા સર્વે વ્યર્થ થઈ રે જોબનિયું ભરપૂર. રે રહું.

૮૩.

કર્મ વિના ન પમાય સુખદ ગતી. કર્મ વિના.
અતિશય ઝેરી ઝાડ ઉછેરી ફળ મીઠૂં ન ચખાય.—સુખદગતી.
પ્રેમી જનોમાં ભેદ પડાવ્યા—નહિ પ્રિય સંગિ થવાય.—સુખદ.
અચળ અફર[2] એ નિયમ પ્રભુનો વાવ્યું તેજ લણાય.—સુખદ.

---

૧ વેર. ૨ ફરે નહિ એવો.

૮૪.

એ વહનું નહિ માઇ—બાઇરે.—એ,
બોલો જુદાઇ મરૂં મુરછાઇ મનમાં બીતિ ભરાઇ.—બાઇરે.
અંતરના કુણ ઘાય રૂઝાવે માત મરૂં અકળાઇ.—બાઇરે.

૮૫.

માથે તો જમ ભમી ભુલાવે કાળનિ ગતિ ન કળે.
જન કંઠે તો પ્રાણજ ભરતે પછી નહિં કાંઇ વળે.—માથે.
ઘરમાંથી મુજ રત્ન રિસાવ્યું કદિ પાછૂં ન મળે.
સાસૂં ખોઇ પતિ સુખ પામ્યાં, કેમ પ્રેમ ઉછળે.—માથે.
માતા ઉઠિ તમ પુત્ર ગળે લ્યો પ્રાણ તજો ન પળે.
જોડી એ સુખ દુઃખ કહાવે—લેખ વિધી ન ચળે.—માથે.

૮૬.

જાણો જમથી નહીં છટકાયરે મરણ સપાટો સાંકળશે.
કરો વાસ ભૂતળ વસો વા હિમાચળ રખવાળિ કંઇ નહિં થાયરે.—મરણ.
ભજો નાંમ હર હર સજો દેવ મંદિર અમર પટો ન સજાયરે.—મરણ.

૮૭.

દોહા.

જયદેવ જયદેવ જય જય ઓંકારા[૧],
માત પિતા સૌના છો છો રક્ષણ હારા.
સગાં સહોદર તૂંજ તું ધનની ધારા.
પ્રભાવ[૨] વિધા મુરતી જય શાંતી કારા.
ભજ ગોવિંદં ભજ ગોપાલં ગોવિંદં ભજ મૂઢ મતી,
ભજત ભાવ વણ અંત સમયરે મૂર્ખ થશે તુજ કોણ ગતી.

---

૧ પરમેશ્વરના સર્વ ગુણો દર્શાવનારૂં નામ. ૨ તેજ.

બાલપણું બહુ ખેલિ ગુમાવ્યું તરૂણ વેશ વરત્યો યુવતી,[1]
ઘડપણ ખોયું ખોટિ આશામાં સમર્યો નહિં તેં વિશ્વપતી.

ગીતા ગુણનૂં ગાન કર્યું નહિં ગંગપાન નહિં કીધું રતી,
પ્રેમ ધરીને હરી ન પુજ્યા જન્મ ગુમાવ્યો બહુ કિમતી.

માત પિતા ને બાઇ ભગની હું તું કોણ શૂં કહુંજ કથી,
સમજ સમજ રે વિચાર માનવ આ સંસાર અસાર વૃતી[2].

૮૮.

સ્નાન નિરંતર ગંગ જળે કરિ અંતર મધ્ય સદા સુખ પામું,
રોજ મહા દુખ ભંજન નાથ તણાં ચરણાં મૃતથી દુખ વામું.
શંકર શંકર નામ જપૂં વલિ જ્ઞાનિ થઇ ગુરૂ મંત્ર ઉચારૂં,
મુકિત તણું સુખ સાધન ત્યાગ કરી નહિં નાથ પ્રપંચ સ્વિકારૂં.

૮૯.

ધ્યાન પ્રભુ ધરો પ્રેમ ધરિને સુખદ બહુ સજો સજો,
ભજો ભજો સઉ સુખ આશ તુટયા દુઃખ પાશ પ્રભુ પ્રતાપે,
પુરણ થઇ આનંદો આનંદો. ધ્યાન.

સુખકારી દુઃખહારી જગધર જગમાલી જનવાલી,
રાખે રંગમાં રાખે રંગમાં રાજાને રાણી—આનંદે આનંદે. ધ્યાન

૯૦.

ગુરૂ પૂર્ણ થઇ તમથી આશા મન સર્વ કલ્પિતી જે આશા
નહિ લવ પણ મનમાં છે આશા છો આપે કલ્પતરૂ[3] આશા.—ગુરૂ.
જો સુખ સંગત પતિની પામ્યાં—દુખડાં દુખિયાનાં સઉ
વામ્યાં વ્હાલાનું વ્હાલ વડું કામ્યાં—સૂજશમાં જોબનથી

---

૧ જુવાન સ્ત્રી. ૨ સાર વગરનો. ૩ મનની ઇચ્છા પુરી કરનારૂં ઝાડ.

જગ્યાં પુર રંગમાં રંગ રૂડા નામ્યા—બસ સુખદ
ચરણુની છે આશા.—ગુરૂ પૂર્ણ.

પ્રભુ રાજ પાળવા મતિ દે જો—સમતા દમતાની રતિ
દેજો શાંતી ભક્તીની ગતિ દેજો—માયા બળ માર્ગ
હઠી દેજો—સઉ શત્રુ શર્ણમાં લઈ રહેજો—ગુરૂ સ્નેહ
શીલની[1] છે આશા.—ગુરૂ પૂર્ણ.

સરિતા[2] સિંધુને[3] જેમ મળે વડ વૃક્ષ વેલિનો મેળ મળે
પાણીમાં દૂધનો રાસ મળે ગુલાબે મીઠી વાસ મળે
વિદ્યાએ વિદ્યાવાન મળે જન સ્વામિ ધર્મની છે આશા.—ગુરૂ પૂર્ણ.

---

૧ સારો સ્વભાવ. ૨ નદી. ૩ દરીયો.